# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની શહેરની તમામ બ્રાન્ચોમાં રૂા.૧૦ ના સિકકા દરરોજ અને આખો દિવસ વિતરણ કરવા અંગે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

હાલમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની મેઈન બ્રાન્ચમાં રૂા.૧૦ ના સિકકા લેવા માટે મહિનામાં માત્ર બે શનિવાર જ બપોરે ૧:૦૦ થી ૧:૩૦ સુધી વિતરણ કરવામાં આવે છે. ત્યારે વેપારીઓ બે થી ત્રણ કલાક લાઈનમાં ઉભા રહે છે અને વિતરણ શરૂ કરવામાં આવે તો સમય પુરો થઈ જતો છે. જેના કારણે વેપારીઓને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડી રહયો છે.

ગુજરાત રાજયના ઘણા શહેરોમાં રૂા.૧૦ ના સિકકાઓ સરળતાથી મળી રહે છે તો રાજકોટમાં આવી અછત કેમ સર્જાઈ રહી છે. આમ વેપારીઓની પડી રહી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નરશ્રી સંજય મલ્હોત્રા અને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના લીડ બેન્ક મેનેજરશ્રી કે. બિસ્વાલ સમક્ષ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની રાજકોટ શહેરની તમામ બ્રાન્ચોમાં રૂા.૧૦ ના સિકકાનું દરરોજ અને આખો દિવસ વિતરણ તાત્કાલીક શરૂ કરવા માટે ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. વધુમાં રૂા.૧૦ ની નોટની પણ જે અછત સર્જાઈ રહી છે તો તેનું પણ તાત્કાલીક નિરાકરણ લાવવા અનુરોધ કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.